સુવિચાર

અત્યારે સૌને તરત જોઈએ, સરસ જોઈએ અને મફત જોઈએ છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૬ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૭/૦૫/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1999
હરિૐ
PENDAWALA
નેચરલ શિખંડ/મઠો
રાજભોગ શિખંડ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૬, અમરેલી, મો.8999990099



તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ વૈશાખ સુદ-૧૦ વર્ષ : ૧૬ અંક : ૧૨૪


## હવામાન વિભાગ અને જ્યોતિષાચાર્યની આગાહી સચોટ

# અમરેલી જિલ્લામાં સાર્વત્રિક કમૌસમી વરસાદ

**અર્ધાથી લઈને અઢીથી ત્રણ ઈચ સુધી ભારે વરસાદથી જળબંબાકારની સ્થિતિ**

**ભારે પવનના લીધે વૃક્ષો પડવાની પણ ઘટના પ્રકાશમાં આવી**

**ઠેકઠેકાણે ગોઠણડુબ પાણીનો ભરાવો થતા વાહન વ્યવહાર બાધિત થયો**

**સા.કુંડલા, રાજુલા, બગસરા, બાબરા, ખાંભા, ચલાલા સહિતનાં તમામ પંથકોમાં વરસાદ પડયો**






અમરેલી, તા. ૬ **(મિલાપરૂપારેલદ્વારા)** સૌરાષ્ટ્રસાથે અમરેલી શહેર સહિત ધારી, રાજુલા, સાવરકુંડલા, લાઠી, દામનગર, બાબરા, ખાંભા તાલુકા સહિત જિલ્લાના અનેક શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ગઈકાલે વૈશાખ માસમાં અષાઢી માહોલ સર્જાતા અને વીજળીના કડાકા ભડાકા સાથે કમોસમી હળવાથી લઈ ધોધમાર વરસાદ પડયો હતો. જે આજે સતત બીજા દિવસે પણ અમરેલી જિલ્લામાં સાંજના ૬ વાગ્યા સુધીમાં હળવા ઝાપટાથી લઈ અઢી ઈંચથી જેટલો વીજળીના કડાકા ભડાકા અને મીની વાવાઝોડા જેવા પવન અને કરા સાથે વરસાદ શરૂ રહેવા પામેલ છે. વરસાદ શરૂ થતાની સાથે જ વીજળી ગુલ થઈ જવા પામેલ હતી.

હવામાન વિભાગની આગાહી મુજબ આજે સતત બીજા દિવસે પણ અમરેલી શહેર તથા ગ્રામ્ય વિસ્તારોમાં પવનના સુસવાટા અને કડાકા ભડાકા અને જોરદાર પવન સાથે ધોધમાર વરસાદ પડતા પાણી વહી ગયા હતા. **સાવરકુંડલા :** સાવરકુંડલા શહેરમાં અમુક વિસ્તારોમાં કરા સાથે વરસાદ વરસી પડયો હતો. ઉપરાંત સાવરકુંડલા તાલુકાના નાના ઝીંઝુડા, મોટાઝીંઝુડા, વંડાસહિતના ગામડાઓમાં પણ ગાજવીજને વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદી ઝાપટા શરૂ થયાં હતા. જયારે નાળ ગામે ધોધમાર એક ઈંચ જેટલો ખાબકતા સ્થાનિક નદીમાં પુર આવ્યા હતા. વરસાદ સાવરકુંડલાના આંબરડી ગામમાં ઢાંકેલ ડુંગળીઓ ઉપર વરસાદ ખાબકયો હતો. જેમાં ખેડૂતોના ખેતીપાકોને વ્યાપક નુકશાની જવાની ભીતિ સેવાય રહી છે.

વરસાદ વરસતાં જ વીજળી ગુલ, ભારે પવન સાથે જોરદાર ઝાપટું પડતા રસ્તા પર ચાલતા લોકો પણ હાંફળા કોઈ ઓથ હેઠળ ઉભા રહેતા જોવા મળ્યા. શહેરનાં રસ્તાઓ પાણી પાણી જોકે આમ તો આજ સવારથી જ વાતાવરણ વાદળછાયું રહયું હતું.

બપોરે એક આસપાસનાં સમયગાળા દરસ્યાન સાવરકુંડલા શહેરમાં વાદળો હમણાં વરસી જશે તેવો

પાના ૫ ઉપરનું ચાલું

### આર્થિક સંકડામણનાં કારણે

## વડિયાનાં બાંટવા દેવળી ગામના ખેડુતે ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી

**ખેડુતની આત્મહત્યાથી નાના એવા ગામમાં અરેરાટી**

અમરેલી, તા. ૬

કાળઝાળ મોંઘવારીમાં લોકોને પોતાના પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે ત્યારે લોકો નાણાંના અભાવે તથા આર્થિક સંકડામણના કારણે આપઘાત કરવા સુધીના પગલાં ભરી રહયા છે. ત્યારે વડીયા પંથકમાં એક ખેડૂત આધેડે ગળા ફાંસો ખાઈ લેતા તેમનું મોત નિપજયું હતું.


આ બનાવમાં વડીયા તાલુકાના બાંટવા દેવળી ગામે રહેતા અને ખેતી કરતાં ભરતભાઈ ભીખુભાઈ ગોંડલીયા નામના ૫૭ વર્ષિય ખેડૂત આધેડે ગત તા. ૫ ના રોજ બપોરના ૩ વાગ્યા દરમ્યાન આર્થિક સંકડામણને કારણે ગળા ફાંસો ખાઈ લેતાં તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.





હવે આપની ગોળ હોસ્પિટલ અમરેલીમાં....

ડો. રાજેન્દ્ર ત્રિવેદીનો ૩૯ વર્ષોનો ન્યુરો સ્પાઇન ક્ષેત્રે અનુભવ તથા ડો. પુનિત ત્રિવેદીના આધુનિક મેડિકલ સાયન્સનો ડબલ જનરેશન એડવાન્ટેજ



ડૉ.પુનિત ત્રિવેદી
MS DNB (Neurosurgery)
ફેલો ઈન એપિલેપ્સી, બ્રેઈન એન્ડોસ્કોપી એન્ડ સ્કલ બેઇઝ સર્જરી, મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત સર્જન

- માથાની ઇજા
- બ્રેઈન હેમરેજ
- ટ્રાઈજેમીનલ ન્યુરાલ્જીયા
- પક્ષઘાત (સ્ટ્રોક)
- એપિલેપ્સીની સારવાર તથા સર્જરી
- મગજ કે કરોડરજ્જુની ગાંઠ
- પિચ્યુટરીની ગાંઠ
- માથાનો દુ:ખાવો (માઇગ્રેન)
- મગજમાં પાણીનો ભરાવો (હાઇડ્રોસેફેલસ)
- મગજની નસમાં મોરલી (એન્યુરીઝમ)
- મણકા અને કરોડરજ્જુની નસની તકલીફો


તારીખ : ૦૯/૦૫/૨૦૨૫ (શુક્રવાર)

એપોઈન્ટમેન્ટ માટે : ૯૯૭૮૯૬૬૬૨૯
સમય : સવારે ૧૦:૩૦ થી બપોરે ૧૨:૩૦ સુધી.
સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ) ચિત્તલ રોડ, અમરેલી

તપાસ ફી ૬૦૦/-

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
(ગોળ હોસ્પિટલ)

Krishna DINING HALL



ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
86,300/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૬/૦૫/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
6354973131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

સમગ્ર ગુજરાતમાં સતત 18 વર્ષથી સર્વશ્રેષ્ઠ પરિણામ આપતી એકમાત્ર સંસ્થા!




66 YEARS
ગુજરાત બોર્ડનું પરિણામ: 83.5% વિ.પ્ર. | 93.7% સા.પ્ર.
BEST SCHOOL AWARD
અમરેલી જિલ્લાનું પરિણામ: 83.2% વિ.પ્ર. | 91.2% સા.પ્ર.
ત્યારે...
શ્રીમતી એસ. એચ. ગજેરા શાળાનું સર્વોચ્ચ પરિણામ: 98.68% વિજ્ઞાન પ્રવાહ | 98.00% સામાન્ય પ્રવાહ

આપના બાળક માટે શાળાની પસંદગી A1 અને A2 ની સંખ્યા જોઈને નહીં પરંતુ શાળાનું તમામ વિદ્યાર્થીઓનું કુલ પરિણામ જોઈને કરો.

કોમર્સ અને સાયન્સમાં રીસ્ક ન લેવાય, ગજેરા સ્કૂલમાં એડમીશન લઇ લેવાય !

આવતા વર્ષે અમે અભ્યાસમાં નબળા વિદ્યાર્થીઓ ઉપર પુરતું ધ્યાન આપી...
GUARANTEED 100%
100% પરિણામની ખાત્રી આપીએ છીએ.

સ્કૂલ કાર્યક્ષેત્ર
નર્સરી થી ધોરણ ૧૨ (ગર્લ્સ & બોયઝ)
સાયન્સ/ કોમર્સ/ આર્ટ્સ
ગુજરાતી- અંગ્રેજી અને મિશ્ર માધ્યમ

હોસ્ટેલ કાર્યક્ષેત્ર
ધોરણ 4 થી 12 (ગર્લ્સ & બોયઝ)
ગર્લ્સ અને બોયઝ માટે અલગ-અલગ સંપૂર્ણ સુવિધાયુક્ત હોસ્ટેલ કેમ્પસ

એડમીશન હેલ્પલાઈન નંબર: 909-909-8220

વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહમાં સરકારશ્રી અને સંસ્થા તરફથી મળતી અઢળક સ્કોલરશીપની માહિતી તથા રૂબરૂ મુલાકાત લેવા માટે આવકારીએ છીએ.

સ્થાપના વર્ષ: 1959
એક અહેસાસ ! સંપૂર્ણ કેળવણીનો
અગ્રણી કેળવણીકાર શ્રી વસંતભાઈ ગજેરાના નેતૃત્વ અને માર્ગદર્શનથી કાર્યરત
શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ
વિધાસભા, લાઠી રોડ, અમરેલી (ગુજરાત) | સંપર્ક: 909-909-8220
Emaill: gajeracampus1959@gmail.com Web: www.vidyasabha.com
સર્વોત્તમ શિક્ષણનાં સ્વપ્નદૃષ્ટા પ્રમુખશ્રી, વસંતભાઈ ગજેરા

## જિલ્લાની સર્વાધિક પરિણામ મેળવતી સ્કુલની વધુ એક સિધ્ધિ

# અમરેલીની ઓકસફર્ડ સ્કુલની વિદ્યાર્થી જીલ્લામાં નંબર વન

સોમવારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ધ્વારા ધોરણ ૧૨ સાયન્સ અને સામાન્ય પ્રવાહના પરિણામો જાહેર થયા હતા. અમરેલી જિલ્લાએ ૮૩.૨૫ ટકાનું ઉત્કૃષ્ટ પરિણામ મેળવીને શૈક્ષણિક ક્ષેત્રે પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી છે. આ સફળતામાં અમરેલી શહેરની ઓકસફોર્ડ સ્કૂલ ઓફ સાયન્સની વિદ્યાર્થીની વીરપરા હસ્તીએ ૯૯.૯૫ પર્સન્ટાઈલ મેળવીને જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. સાયન્સ મેરીટમાં પણ ૩૦૦ ગુણમાંથી ૨૯૬ ગુણ મેળવી ઓકસફર્ડ સ્કૂલનો વિદ્યાર્થી સુદાણી તૃષિક જિલ્લામાં પ્રથમ ક્રમે આવેલ છે. ગુજકેટ પરીક્ષામાં ૧૧૩.૭૫ ગુણ મેળવી સંસ્થાના વિદ્યાર્થીઓ ધંધુકિયા પ્રિયાંશી અને ત્રિવેદી પાર્થ જિલ્લામાં પ્રથમ ક્રમે આવેલ છે. સંસ્થાના કુલ ૨૧૦ વિદ્યાર્થીઓમાંથી ૨૦૦ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયેલ છે. જેમાં ૧૨–એ૧ ગ્રેડ, ૫૦, એર ગ્રેડ ૪૩, બી૧ ગ્રેડ અને ૬૩





વિદ્યાર્થીઓએ ૯૦ ઉપર પી.આર મેળ વેલ છે. ઓકસફોર્ડ સ્કૂલ ઓફ સાયન્સે આ વર્ષે પણ પોતાની ઉચ્ચ શિક્ષણની પરંપરા જાળવી રાખી છે. શાળાના ૧૨ જેટલા વિદ્યાર્થીઓએ એ–૧ ગ્રેડ મેળવીને શાળાની ગુણવતાયુકત શિક્ષણ પ્રણાલીનું ઉતમ ઉદાહરણ પૂરૂ પાડયું છે. આ સિદ્ધિ બદલ શાળા દ્વારા તમામ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના સંચાલકોએ આ પ્રસંગે જણાવ્યું હતું કે આ સફળતા વિદ્યાર્થીઓની મહેનત, શિક્ષકોનું માર્ગદર્શન અને વાલીઓના સહકારનું પરિણામ છે. વીરપરા હસ્તીની વિશેષ સિદ્ધિ બદલ તેમણે ગર્વની લાગણી વ્યકત કરી હતી અને એ–૧ ગ્રેડ મેળવનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

અમરેલી જિલ્લાના વિદ્યાર્થીઓએ આ વર્ષે કરેલી પ્રગતિ ખરેખર પ્રશંસનીય છે અને ઓકસફોર્ડ સ્કૂલ ઓફ સાયન્સના વિદ્યાર્થીઓનું યોગદાન તેમાં વિશેષ છે. આ પરિણામ વિદ્યાર્થીઓના ઉજજવળ ભવિષ્યનો પાયો નાખશે અને તેઓ ઉચ્ચ શિક્ષણ તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા પ્રાપ્ત કરશે તેવી આશા છે. શાળા ધ્વારા વિદ્યાર્થીઓને તેમના લક્ષ્યો સુધી પહોંચવા માટે તમામ શકય સહાય અને માર્ગદર્શન આપવાની ખાતરી આપવામાં આવી છે. જિલ્લાના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓને આ સફળતા બદલ હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## અમરેલી જિલ્લામાં ધો–૧૨(સામાન્ય પ્રવાહ)માં ભંડારીયાનો વિદ્યાર્થી દેવેન માંડવીયા પ્રથમ નંબરે

અમરેલી, તા.૬

અમરેલી જનતા વિદ્યાલય–જાળીયામાં ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતા મોટા ભંડારીયા ગામના પ્રતિભાશાળી વિદ્યાર્થી દેવેન સુરેશભાઈ માંડવીયાએ તાજેતરમાં જાહેર થયેલી ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૯૯.૯૪ પર્સેન્ટાઈલ સાથે સમગ્ર અમરેલી જિલ્લામાં પ્રથમ નંબર મેળવી મોટા ભંડારીયા ગામનું અને જનતા વિદ્યાલય જાળ ીયાનું ગૌરવ વધાર્યું છે.



દેવેન માંડળીયા જનતા વિદ્યાલય–જાળીયામાં અભ્યાસ કરે છે અને અત્યંત નબળા નાનું મોટું મિસ્ત્રી કામ કરે છે અને માતા નિરક્ષર છે. તેમને અંગત ટ્યુશનની કે પૂરતી વાંચન સામગ્રીની કોઈ સગવડ નહોતી. પરંતુ પોતાના દ્રઢ સંકલ્પ, સખત મહેનત અને શિક્ષકોના યોગ્ય માર્ગદર્શન તેમણે આ સિધ્ધિ મેળવી છે. તેમને પોતાના શિક્ષણ માટે શિષ્યવૃતિ અને સમુદાયના સહકાર પર આધાર રાખવો પડયો હતો. શાળ ાસંચાલક મંડળના મંદાકિનીબહેન પુરોહિત, શાળાના આચાર્ય જયંતભાઈ જોશી અને શિક્ષક ગણીત તેમના અભૂતપૂર્વ પરિગામ બદલ શુભેચ્છાઓ આપી છે અને ભાવિ અભ્યાસ માટે હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

દેવેન હવે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવાના સપનાઓ સાકાર કરવા પ્રયત્નશીલ છે. દેવેન સંઘર્ષપૂર્ણ સફળતાએ સમાજમાં શિક્ષણ દ્વારા જીવન પરિવર્તનશીલ શકિતનું ઉતમ ઉદાહરણ પૂરૂ પાડયું છે અને ઘણા વિદ્યાર્થીઓ માટે પ્રેરણાનું સ્ત્રોત બન્યો છે.

## પ્રાકૃતિક કૃષિમાં કુદરતી ચક્ર એવાં જળચક્ર, ખાદ્યચક્ર અને નાઈટ્રોજન ચક્રની મહત્વની ભૂમિક

અમરેલી, તા.૬

પ્રાકૃતિક ખેતીમાં મુખ્ય ખેતી પાકની સાથે સહજીવી પાક ઉગાડવામાં આવે છે. આવા ખેતી પાકો એકબીજાને પોષણ આપે છે. મુખ્ય ખેતી પાકનો ઉત્પાદન ખર્ચ સહજીવી પાકના ઉત્પાદન અને આવકથી નીકળી જાય છે. બોનસના રૂપમાં મુખ્ય પાક મળે છે. જેનાથી ખેડુતોને ખેતી ખર્ચ બહુ જ ઓછો થઈ જાય છે. મહત્વનું છે કે પ્રાકૃતિક ખેતીમાં ખેતી પાકને વૃદ્ધિ માટે અને ઉત્પાદન લેવા માટે જે–જે સંસાધનોની જરૂરીયાત પડે છે તે બધા ઘરમાં જ ઉપલબ્ધ થાય છે. પ્રાકૃતિક ખેતીનો નારો છે. ''ગામનો પૈસો ગામમાં અને શહેરનો પૈસો પણ ગામમાં''

પ્રાકૃતિક કૃષિમાં કુદરતી ચક્ર એવા જળચક્ર, ખાદ્યચક્ર અને નાઈટ્રોજન ચક્રની મહત્વની ભૂમિકા છે.

જળચક્ર : જમીન તથા સમુદ્રમાં રહેલું પાણી બાષ્પીભવનથી વરાળ રૂપે આકાશમાં જાય છે. વાતારવણ ઠંડુ થતા આ વરાળ હવામાં રહેલા રજકણો ફરતે પાણીનાં બુંદ બનાવે છે. જે વરસાદ સ્વરૂપે જમીન પર આવે છે. પ્રાકૃતિક ખેતીમાં સેન્દ્રિય પદાર્થો અને સૂક્ષ્ય જીવાણુઓની ગતિવિધિના કારણે જમીનની ભૌતિક સ્થિતમાં સુધારો થાય છે. જમીન છિદ્રાળું અને ભરભરી બને છે. આ કારણે વરસાદના પાણીનો મોટો જથ્થો જમીનમાં ઊંડે સુધી ઉતરે અને સંગ્રહ થાય સંગ્રહિત પાણીમાં જમીનમાં રહેલ પોષક તત્વો અને ખનીજો દ્રાવ્ય થાય છે. ઉનાળામાં અથવા જયારે ઉપરથી જમીનમાં પાણીની અછત સર્જાય ત્યારે નીચેનું સંગ્રહિત પાણી કેશાકર્ષણ દ્વારા દ્રાવ્ય થયેલ પોષકતત્વો મૂળ પ્રદેશમાં આવે છે અને છોડને જરૂરી ભેજ અને પોષકતત્વો પૂરાં પાડે છે. આમ જળ વ્યવસ્થાપનના કારણે અતિવૃષ્ટિમાં પાકને નુકશાન નથી થતું અછતના સમયે છોડને જરૂરી ભેજ મળી રહે છે.

ખાદ્યચક્ર : છોડના બંધારણમાં કાર્બન, હાઈડ્રોજન અને ઓકિસજન (કાર્બોદિત પદાર્થો)નો હિસ્સો ૯૫ થી ૯૬ ટકા જેટલો છે. જેનું નિર્માણ સૂર્યપ્રકાશની હાજરીમાં પ્રકાશસંશ્લેષણની પ્રકિયા ધ્વારા છોડના પર્ણમાં પાણી અને હવામાં રહેલ કાર્બન ડાયોકસાઈડના સંયોજનથી થાય છે. આથી પાણી, હવા અને સૂર્યપ્રકાશનું જરૂરીયાત મુજબનું વ્યવસ્થાપન થાય તો છોડની ૯૫ પકા જરૂરીયાત સંતોષાય છે. પ્રાકૃતિક કૃષિમાં વાપ્સા, આચ્છાદન અને મિશ્રપાક પદ્ધતિના આયામોથી આવું જરૂરી વ્યવસ્થાપન થાય છે.

નાઈટ્રોજન ચક્ર : પાકની વૃદ્ધિ માટે નાઈટ્રોજન તત્વ આવશ્યક છે. હવામાં ૭૮ ટકા નાઈટ્રોજન રહેલો છે. છોડને નાઈટ્રોજન બે પ્રકિયાઓ ધ્વારા પ્રાપ્ત થાય છે. જયારે આકાશમાં વીજળી થાય છે ત્યારે ટનબંધ નાઈટ્રોજન પાણીમાં દ્રાવ્ય થઈ વરસાદના પાણી ધ્વારા જમીનને મળે છે. જમીનમાં સૂક્ષ્મ જીવાણું ધ્વારા નાઈટ્રોજન સ્થાપન તથા છોડને જરૂરી સ્વરૂપમાં પરિવર્તન થાય છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં નાઈટ્રોજન ચક્રના કારણે પાકને બહારથી અન્ય કોઈ ખાતર આપવાની જરૂરીયાત રહેતી નથી.

## વડનગર ખાતેની શિબિર માટે સંરભડાની વિદ્યાર્થીની આસ્થા ગઢીયાની પસંદગી



વડનગર, તા.૬

સમગ્ર દેશના વિવિધ જિલ્લામાંથી એકભાઈ અને એકબહેનને પ્રેરણા સ્કૂલ, વડનગર ખાતે એક અઠવાડિયાની શિબિર માટે ગત વર્ષની વિવિધ પ્રવૃતિને અંતે પસંદ કરી બોલાવવામા આવ્યા છે કે.કે. શાહ જનતા વિદ્યાલય સરંભડાની વિદ્યાર્થિની આસ્થા ગઢીયાની પસંદગી થતાં માર્ગદર્શન શિક્ષિકા રૂચિતા બેન સાવલિયા અને વિદ્યાર્થિની આસ્થા ગઢીયા વડનગર જવા રવાના.

## ધરાઈ ગામની શ્રી બાલમુકુન્દ પ્રભુની હવેલીના મુખ્યાજી કૃષ્ણભાઈ જોષીનું દુઃખદ અવસાન

અમરેલી, ત. ૬

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ધરાઈ ગામની વિપ્રસિદ્ધ શ્રી બાલમુકુન્દ પ્રભુની હવેલીના ટ્રસ્ટી અને મુખ્યાજી કૃષ્ણભાઈ બી. જોષીનું ગત રવિવાર તા.૦૪/૦૫/૨૦૨૫ ના રોજ દુઃખદ અવસાન થતા સમસ્ત મુખ્યાજી પરિવાર તથા સ્નેહીજનો શોકનું મોજું ફરી વળ્યું. તેમનું બેસણું આગામી તા.૦૮/૦૫/૨૦૨૫ ગુરૂવાર ના રોજ ધરાઈ મુકામે રાખવામાં આવ્યું છે અને તેમની એકાદશા તા.૧૪/૦૫/૨૦૨૫ બુધવાર તેમજ ઉત્તરક્રિયા તા.૧૫/૦૫/૨૦૨૫ ગુરૂવારના રોજ



ધરાઈ મુકામે રાખવામાં આવ્યું છે. તેમ મુખ્યાજી પરિવારની યાદીમાં જણાવાયું છે.

## ઉનાના એસ.ટી. બસ સ્ટેશનમાં પાણીની સમસ્યા, બે દિવસથી પાણીની મોટર બંધ

ઉના, તા. ૬

ઉના એસ.ટી. બસ સ્ટેન્ડના જાહેર શૌચાલયમાં છેલ્લા બે દિવસથી પાણીની સમસ્યા સર્જાઈ છે હજારોની સંખ્યામાં મુસાફરોની અજર–જવર ધરાવતા આ બસ સ્ટેન્ડમાં શૌચાલની આ સમસ્યાથી મુસાફરો પરેશાન છે.

શૌચલયમાં પાણી ન હોવાના કારણે મુસાફરોને ૨૦ રૂપીયાની પાણીની બોટલ ખરીદવી પડે છે પાણી અછતને કારણે શૌચલમાં ગંદકી ફેલાઈ છે અને અસહય દુર્ગંધ આવી રહી છે મસાફરોને મોં બંધ રાખીને શૌચક્રિયા કરવી પડે છે. શૌચાલયના સફાઈ કર્મચારીના જણાવ્યા અનુસાર, મોટર બગડી જવાના કારણે આ સમસ ઉદભવી છે ત્યારે એસ.ટી. ડેપોના



એ.ટી.આઈ અયુબખાન પઠાણે જણાવ્યુ કે મોટરને રીપેરીંગ માટે ઈલેકટ્રીશીયન પાસે મોકલાવવામાં આવી છે. સ્થાનિક મુસાફરોએ તંત્ર પાસે આ સમસ્યાનું વહેલી તકે નિકરાકરણ લાવવાની માંગ કરી છે શૌચાલયમાં પાણીની સુવિધા પુનઃ શરૂ થાય અને ગંદકી દુર થાય તે જરૂરી બન્યું છે.

## ખેડુતોએ છેતરપિંડીથી બચવા અધિકૃત વિક્રેતાઓ પાસેથી જ જરૂરી બિયારણ ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરવી

અમરેલી, તા.૧

અમરેલી જિલ્લાના ખેડુતોને ચોમાસુ ૠતુ માટે જરુરી બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે રાખવાની થતી કાળજીઓ અંગે ખેડુતો માટે ઉપયોગી માર્ગદર્શન સૂચનાઓ બહાર પાડવામાં આવી છે.

ખેડુતોએ છેતરપિંડીથી બચવા માટે બિયારણ ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી માત્ર અધિૃકત લાયસન્સ પરવાનો સહકારી મંડળીઓ સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિકતા પાસેથી જ ખરીદી કરવાનો આગ્રહ રાખવો.

કોઈપણ સંજોગોમાં લાઈસન્સ પરવાનો ધરાવતા ન હોય તેવા વ્યકિતઓ, પેઢીઓ કે ફેરિયાઓ પાસેથી કયારેય પણ ખેતી માટે જરુરી વિવિધ ઈનપુટસની ખરીદી કરવી નહિ ચાલુ વર્ષે ભારત સરકાર ધ્વારા બીટી કપાસના ભાવ નક્કી કર્યા છે. તે મુજબ બોલગાર્ડ–૧ (બીજી–૧)ના રૂા.૬૩૫ અને બોલગાર્ડ–૨ (બીજી–૨)ના રૂા.૯૦૧ છે. જે ભાવથી વધારે કોઈ પણ વિકેતા વહેંચાણ કરી શકશે નહિ. બિયારણ ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી સમયે વેપારી પાસેથી તેનો લાયસન્સ નંબર, પૂરું નામ, સરનામું, ખરીદેલા ઈનપુટનું નામ, લોટ નંબર વગેરે વિગત દર્શાવતું સહી સાથેનું બિલ અવશ્ય લેવું કોઈ પણ સંજોગોમાં મુદત પૂરી થઈ હોય તેવા ઈનપુટસની ખરીદી કરવી નહિ. અનઅધિકૃત અથવા ભળ તા નામના અમાન્ય બિયારણ ખાતર તથા જંતુનાશક ખવાઓનું વેચાણ થતું હોવાનું ધ્યાને આવે તો સંબંધિત ખેતીવાડી અધિકારી અથવા જિલ્લામા નાયબ ખેતી નિયાકમ વિસ્તરણને તુરંત જાણ કરવી.

ખરીદી કરી હોય તેવા બિયારણ ખાતર તથા જંતુનાશક દવાઓના ઉપયોગને લીધે ઉભા પાકમાં કોઈ ફરિયાદ જણાય તો આવી ફરિયાદના નિવારણ અર્થે સરકાર ધ્વારા જિલ્લા કક્ષાએ ઉભા પાકની કમિટીની રચના કરવામાં આવી છે. જેના અધ્યક્ષ જે તે જિલ્લાના નાયબ ખેતી નિયામક વિસ્તરણ તથા કૃષિ યુનિવર્સિટીના કૃષિ નિષ્ણાંતોનો સમાવશે કરવામાં આવ્યો છે.

ઉભા પાકની ફરિયાદ માટે અરજદાર ધ્વારા સંબંધિત જિલ્લાના જિલ્લા ખેતીવાડી અધિકારી નાયબ બાગાયત નિયામકને ફરિયાદ કરવી તથા ફરિયાદનાં અધારે ઉભા પાકની કમિટી ધ્વારા સ્થળ મુલાકાત કરી જ તે હકીકત હોય તે મુજબ પંચ રોજકાક સાથે નિયમ અહેવાલ ખેડુતને આપવામાં આવે છે. જે ખેડુતોને કાયદાકીય કાર્યવાહીમાં મદદરુપ થાય છે. તેમ અમરેલી જિલ્લા નાયબ ખેતી (વિસ્તરણ) નિયામકએ એક યાદીમાં જણાવ્યું છે.

# અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા સ્કૂલ વિદ્યાસભાનું ઉજજવળ પરિણામ











અમરેલી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ ધોરણ૧૨માં આજે સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહનું શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ની બોર્ડ પરીક્ષાનું પરિણામ જાહેર થયું જેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ઉજજવળ પરિણામ પ્રાપ્ત કરવા બદલ સંસ્થા મેનેજમેન્ટ વતી તેમજ તમામ શૈક્ષણિક અને શૈક્ષણિક સ્ટાફ તરફથી શુભકામનાઓ પાઠવવામાં આવી. સામાન્ય પ્રવાહનું ૯૮ ટકા અને વિજ્ઞાન પ્રવાહનું ૯૮.૬૮ ટકા પરિણામ પ્રાપ્ત કરતા સમગ્ર કેમ્પમાં અને વિદ્યાર્થીઓના પરિવારમાં હર્ષોલાસ જોવા મળેલો હતો. સંસ્થાને મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ધોરણ ૧૧માં અને અન્ય તમામ ધોરણમાં કોઈપણ એન્ટ્રન્સટેસ્ટ વગર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે જેથી કરીને આ સંસ્થાની પ્રાથમિકતા દરેક વિદ્યાર્થી પાસ થાય અને હોશિયાર વિદ્યાર્થી એ૧ અને એર ગ્રેડ મેળવે તે માટે તમામ સ્ટાફ અને મેનેજમેન્ટ સંપૂર્ણ વર્ષ આગવી શૈક્ષણિક પદ્ધતિઓથી અભ્યાસ કરાવવામાં આવે છે સાથે સાથે વ્યવસાયલક્ષી અભ્યાસ પણ કરાવવામાં આવે છે જેથી કરીને વિદ્યાર્થીઓ આગળ રોજગારી ઊભી કરી શકે તે માટે તે સંપૂર્ણ સ્વનિર્ભર બની અને પોતાની કારકિર્દી બનાવી શકે તેવું પાયાનું નોલેજ આપવામાં આવે છે. વધુમાં વિદ્યાર્થીઓએ અને વાલીઓએ શાળા કે કોલેજનું ઓલ ઓવર પરિણામ એટલે કે તમામ વિદ્યાર્થીઓમાંથી કેટલા પાસ થયા તે પરિણામ જાઈ અને પ્રવેશ મેળવવો જોઈએ કેમ વિદ્યાર્થીઓ હોશિયાર રહોય તે વિદ્યાર્થીઓનું પરિણામ બેસ્ટ આવે છે પરંતુ જે વિદ્યાર્થીઓને પહેલેથી જ અભ્યાસમાં વીક હોય તે વિદ્યાર્થીઓનું સારૂ પરિણામ મલાવવા માટે અને હોશિયાર હોય તેને અલગ પદ્ધતિ અપનાવીએ મુજબનું અભ્યાસ કરાવવામાં આવે તે ખૂબ જરૂરી છે જેથી કરીને છેવાડાના ગામમાં રહેતા વિદ્યાર્થીઓને પણ સારી સુવિધાઓ અને શ્રેષ્ઠ અભ્યાસિક વરણ મળે તો ચોક્કસ પણે ઉજજવળ પરિણામ પ્રાપ્ત કરી શકે છે તેને આજે સાર્થક કરતું આગ ગજેરા કેમ્પસ જેના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ અમરેલી જિલ્લાના અને ગુજરાત રાજયના તમામ વિદ્યાર્થીઓને સર્વોત્તમ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી તેમજ તમામ શિક્ષકોને સમગ્ર વર્ષ કરેલ મહેનત બદલ બિરાદાવ્યા હતા.

### આર્થિક સંકડામણનાં કારણે

# વડિયાનાં બાંટવા દેવળી ગામના ખેડુતે ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી

## ખેડુતની આત્મહત્યાથી નાના ગામમાં અરેરાટી

અમરેલી, તા. ૬

કાળઝાળ મોંઘવારીમાં લોકોને પોતાના પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે ત્યારે લોકો નાણાંના અભાવે તથા આર્થિક સંકડામણના કારણે આપઘાત કરવા સુધીના પગલાં ભરી રહયા છે. ત્યારે વડીયા પંથકમાં એક ખેડૂત આધેડે ગળા ફાંસો ખાઈ લેતા તેમનું મોત નિપજયું હતું.

આ બનાવમાં વડીયા તાલુકાના બાંટવા દેવળી ગામે રહેતા અને ખેતી કરતાં ભરતભાઈ ભીખુભાઈ ગોંડલીયા નામના ૫૭ વર્ષિય ખેડૂત આધેડે ગત તા. ૫ ના રોજ બપોરના ૩ વાગ્યા દરમ્યાન આર્થિક સંકડામણને કારણે ગળા ફાંસો ખાઈ લેતાં તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

# વિઠલપુરમાં વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણી



અમરેલી, તા. ૬

૨૫ એપ્રિલે વિ મેલેરીયા દિવસની ઉજવણી ભાગ રૂપે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. રશ્મિકાંત જોષી સાહેબ ડી.એમ.ઓ એ.કે. સિંગ સાહેબના માર્ગદર્શન હેઠળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાકિયાનાં આયુષ્યમાન આરોગ્ય કેન્દ્ર પીઠવાજાળના વિઠલપુર ખંભાળિયા ખાતે ૨૫ એપ્રિલે વિ મેલેરીયા દિવસે ગુરૂ શીબીર કરવામાં આવી આ ઝુંબેશમાં તાલુકા આરોગ્ય અધિકારી ડો. આર.કે જાટ સાહેબ અને ડો. સિધ્ધપુરા સાહેબને પણ માર્ગદર્શન જિલ્લા સુપરવાઈઝર રાજયગુરૂભાઈ અને બુહાભાઈ તાલુકા સુપરવાઈઝર જોષીભાઈનો સહકાર મળેલ. આ વર્ષે વિ મેલેરિયા દિવસની થીમ મેલેરિયા અમારી સાથે સમાપ્ત થાય છે : ફરીથી રોકાણ કરો, ફરીથી કલ્પના કરો, ફરીથી પ્રજવલિત કરો.

ગ્રાજનોને સજવવામાં આવ્યું મેલેરીયા ડેન્ગયુ ચિકનગુનિયા આ બધા મચ્છરથી થતા હોય છે મચ્છર એ હંમેશા ચોખા પાણીમાં અને બંધીયાર પાણીમાં થાય છે મચ્છર પાણીાં ઈંડા મૂકે છે તો પાણીની ટાંકા ટાંકી હંમેશા અવાજ ચુસ્ત બંધ રાખવા પક્ષી કુંજ હંમેશાં સાફ રાખવા ટાયર ડબલા નાળિયેરની કાછલી ભંગાર આ બધાને નિકાલ કરવો રાત્રે બારી બારણા બંધ રાખવા મચ્છરદાની હોય તો ઉપયોગ કરવો આખી બાયના કપડા પહેરવા લીમડાનો ધુમાડો કરવોને ગામમાં પુરા ભક્ષક માછલીઓ પણ મૂકવામાં આવેલ છે આ માછલીઓ પુરાને ખાય છે મચ્છરને અટકાવી શકાય છે વિશેષ આઈ સી પત્રિકા સર્વલન્સ પાણીજન્ય રોગ વીશે હીટવેવ વીશે પણ સમજાવવામાં આવેલ આ શિબીરમાં પ્રમુખ કીશોરભાઈ સરપંચ ભાવેશભાઈ ઉપસરપંચ જયંતીભાઈ અને ખૂબ જ બહોળી સંખ્યામાં ગ્રામજનોએ લાભ લીધેલ હતો. આ શિબીરમાં જરૂરી માર્ગદર્શન સુપરવિઝન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો. અકબરી સાહેબ અને ડો. શેલડીયા મેડમ અને સુપરવાઈઝર ભગતભાઈ દ્વારા મળેલ આ શિબીરને સફળ બનાવવા Cho જીનલ બી. પ્રજાપતિ Mphw યોગેશભાઈ પી મકવાણા Fhw ગીતાબેન વાઘમસી અને આચાર્ય સલમાબેન અને આર્ચાય રમજુબેન જહેમત ઉઠાવેલ હતી.

### સોમવારે ગાવડકા નજીક શેત્રુજી નદીમાં ચારેય યુવકોનાં ડુબી જવાથી મોત થયા બાદ

# ચારેય યુવકોની અંતિમયાત્રાથી સમગ્ર પંથકમાં શોકનો માહોલ

## ચલાલા નજીક આવેલ મીઠાપુર (ડુંગરી)નાં ૪ યુવકોનાં ડુબી જવાથી મોતની ઘટનાએ સૌને હતપ્રત કરી દીધા હતા





અમરેલી, તા. ૬


અમરેલી તાલુકાના ગાવડકા ગામ પાસે આવેલ શેત્રુજી નદીના પુલ નીચે ગઈકાલ સાંજના સમયે ન્હાવા પડેલા ચાર યુવકો પાણીમાં ડુબી જતાં ચારેયના મોત નિપજતા અમરેલી ફાયર ફાયટરની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ડુબી ગયેલા ચારેય યુવકોના મૃતદેહ પાણીમાંથી બહાર કાઢી અમરેલી તાલુકા પોલીસને સોંપી દેતા પોલીસે પોસ્ટમોર્ટમ માટે થઈ ટ્રેક્ટરમાં ચારેય મૃતદેહોને સિવિલ હોસ્પિટલ માટે ખસેડાયેલ હતા. એક જ ગામના ચાર ચાર યુવકોના ડુબી જવાની ઘટનામાં આજે તેમની અંતિમયાત્રા નીકળ તા ખોબા જેવડા ગામમાં શોકનો માહોલ છવાયો હતો.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ ધારી તાલુકાના ચલાલા ગામ નજીક આવેલ મીઠાપુર ડુંગરી ગામે રહેતા ભાર્ગવભાઈ રાઠોડ (ઉ.વ. ૨૦), નરેન્દ્રભાઈ વાળા (ઉ.વ.૧૮), કૌશિક ભાઈ રાઠોડ (ઉ.વ.૨૧) તથા સાગરભાઈ ખોડાભાઈ દાફડા (ઉ.વ.૨૭) ગઈકાલે સાંજના સમયે અમરેલી તાલુકાના ગાવડકા ગામ પાસે આવેલ શેત્રુજી નદીના પુલ ઉપરથી ન્હાવા પડેલા ચારેય યુવકો પાણીમાં ડુબી જતાં ચારેયના મોત નિપજતા અમરેલી ફાયર ફાયટરની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ડુબી ગયેલા ચારેય યુવકોના મ્રુતદેહ પાણીમાંથી બહાર કાઢી અમરેલી તાલુકા પોલીસને સોંપી દેતા પોલીસે પોસ્ટમોર્ટમ માટે થઈ ટ્રેક્ટરમાં ચારેય મ્રુતદેહોને સિવિલ હોસ્પિટલ માટે ખસેડાયેલ હતા.

એક જ ગામના ચાર ચાર યુવકોના ડુબી જવાની ઘટનામાં આજે ચારેય યુવકોની અંતિમયાત્રા મીઠાપુર ડુંગરી ગામે નીકળતા ખોબા જેવડા ગામમાં શોકનો માહોલ છવાયો હતો. જયારે આ બનાવ અંગેની તપાસ અમરેલી તાલુકા પોલીસના મનીષભાઈ જોષી ચલાવી રહયા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બે દિવસ પહેલાં લાઠી ગામે પણ અજમેરની યાત્રા દરમિયાન હોટલમાં આગ લાગતા લાઠી ગામે રહેતા એક જ પરિવારના ત્રણ ત્રણ લોકો મોતને ભેટ્યા હતા. તેમની અંતિમયાત્રા લાઠી ગામેથી નીકળી હતી.

# ૭ મે ''વર્લ્ડ એથ્લેટિક્સ ડે'' રમતગમતએ સ્વાસ્થ્યની ચાવી છે



અમરેલી, તા. ૬

વિશ્વમાં ૭મી મેના રોજ ''વર્લ્ડ એથ્લેટિક્સ ડે'' ઉજવાય છે. ૨૦૦૩માં 'વર્લ્ડવાઈડ ન્યુબી એથલેટિક ફેડરેશન' દ્વારા તેની શરૂઆત કરાઈ હતી. વર્તમાન સમયમાં બાળકો મોબાઈલની પાછળ ઘેલો થયા છે. એક સમય હતો જયારે બાળકો રસ્તા પર કબડી, ખો ડબ્બા આઈસ પાઈસ, ગીલ્લી ડંડા, લંગડી જેવી રમો રમતા હતા અને આજે આ જ રમતો છે પણ રસ્તા પર બાળકોની ભીડ નથી. એવું નથી કે આ બધી રમતો બાળકો આજે રમતા નથી. પરંતુ આ સિવાય પણ ઘણી રમતો તેઓ રમે છે પણ મોબાઈલમાં રમે છે એ મોટો પ્રશ્ન છે. શારીરિક શ્રમ, પરસેવો પાડવો, દોડાદોડી કરવી એ તો જાણે આજકાલનાં બાળકોને ગમતું જ નથી. શેરીની બહાર ચોકમાં જવું હોય તો પણ તે માતા પિતાને વાહનમાં મૂકી જવા કહે છે એટલું પણ તે ચાલી શકતા નથી. અહીં મોટો પ્રશ્નાર્થ એ છે કે માતા પિતા પણ બાળકોની જીદ સામે ઝુકે છે અને તેમને શારીરક શ્રમ કરતા અટકાવે છે. કેટલાક તો વળી પોતાના બાળકને કિકેટ, ફુટબોલ, ટેનીસ કે કબડી રમીને બાળક શું કરી લેશે એમ સમજીને બાળક પર ભણતરનો ખોટો ભાર નાખે છે.

લોકોનાં જીવનામાંથી ખેલ નીકળી ગયા છે તેના કારણે ખેલદીલીની ભાવના પણ તે શીખી કે સમજી શકતા નથી. એક બાજુ નીરજ ચોપરા, પીવી સિંધુ, રવિ કુમાર દહિયા, મીરાબાઈ ચાનુ જેવા સ્પોર્ટસ સ્ટાર્સ દેશ માટે ઓલીમ્પિકમાં જઈને વિવિધ મેડલ્સ લાવી રહ્યા છે. તો બીજું બાજુ નવી પેઢીને રમતગમતમાં કોઈ રસ પડતો નથી અને કેટલાંક બાળકો એવા હોય છે કે જેઓ સ્પોર્ટસમાં આગળ વધવા માંગતા હોય છે પરંતુ તેમને માતા પિતાનો સહકાર પ્રાપ્ત નથી થતો.આ દિશામાં લોકોએ ખરેખર જાગૃત થવું પડશે. સરકારે પણ સ્પોર્ટસ ક્ષેત્રે નવી યોજનાઓ ઘડીને લોકોને જાગૃત કરવા રહ્યા રમતગમત લોકોને તનથી જ નહીં મનથી પણ સ્વસ્થ રાખે છે. તેનાથી સ્વાસ્થ્ય પણ સંપૂર્ણપણે જળવાય રહે છે. વર્તમાન સમયે મેદસ્વીતાને લગતી સમસ્યાઓ સામાન્ય બની ગઈ છે ત્યારે રાતગમત માધ્યમથી આરોગ્ય અને તંદુરસ્તી વિશે લોકોમાં જાગૃતિ લાવવાની આ ચાવી છે. આ માટે કેટલાંક પ્રયાસો કરી શકાય જેવા કે શાળ ા અને કોલેજોમાં રમતગમતે પ્રોત્સાહન આપતા કાર્યક્રમો કરવા અને રમતગમતનાં કાયમી લેકચર્સ ગોઠવવા, વિવિધ પ્રકારનાં સ્પોર્ટસને પ્રોત્સાહન આપતા કેમ્પસ સરકાર તેમજ સંસ્થાઓએ કરવા જે બાળક આ ક્ષેત્રે આગળ વધવા માંગતું હોય તેને નાણાકીય સહાય મળી રહે તેવી યોજનાઓ ઘડવી જોઈએ જેથી દેશનું ભવિષ્ય ઉજજવળ બને.– **મિતલ ખેતાણી**

**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### દેશભરના ૨૫૯ સ્થળોમાં મોક ડ્રીલ યોજાશે

# મુંબઈ-લખનૌ સહિત ભારતના અનેક શહેરોમાં ડિફેન્સ મોકડ્રીલનું રિહર્સલ

## પોલીસ અને સ્થાનિક સત્તાધીશોએ સાથે મળી આ મોક ડ્રીલનું રિહર્સલ કર્યું હતું

મુંબઈ,તા.૬

પહલગામ હુમલા બાદ પાકિસ્તાન સાથે તણાવ વચ્ચે આવતીકાલે દેશભરના ૨૫૯ સ્થળોમાં મોક ડ્રીલ યોજાશે. જેના ભાગરૂપે આજે શ્રીનગર, લખનૌ, મુંબઈ સહિત અમુક શહેરોમાં મોક ડ્રીલ રિહર્સલ થયા હતાં. પોલીસ અને સ્થાનિક સત્તાધીશોએ સાથે મળી આ મોક ડ્રીલનું રિહર્સલ કર્યુ હતું.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, દેશભરમાં આવતીકાલે મોક ડ્રીલ કરવાની છે. જેથી સિવિલ ડિફેન્સ, પોલીસ અને સ્થાનિક સત્તાધીશોએ આજે તેનું રિહર્સલ કરી કાલની તૈયારીઓ કરી હતી. આ રિહર્સલમાં હવાઈ હુમલા દરમિયાન વાગતી સાયરન ટેસ્ટ પણ થઈ હતી.

સિવિલ ડિફેન્સના ચીફ વોર્ડન અમરનાથ મિશ્રાએ જણાવ્યું હતું કે, અમારી પાસે શિસ્તબદ્ધ ટીમ છે. અમે પ્રજાને હુમલા દરમિયાન સ્વબચાવ માટે ટ્રેનિંગ તેમજ જાગૃત્તિ આપવા માગીએ છીએ. બ્લેકઆઉટની જાહેરાતમાં કેવી સાયરન વાગે છે, અને કેવી રીતે બચાવ કરવો જોઈએ, તેની ટ્રેનિંગ આપીશું. સિવિલ ડિફેન્સે મોક ડ્રીલ રિહર્સલના ભાગરૂપે પોતાના કર્મચારીઓને શહેરમાં હવાઈ હુમલા દરમિયાન નાગરિકોને બચાવવાની રીત શીખવી હતી. તેમજ સંરક્ષણ માટે માર્ગદર્શિકાઓ પણ આપી હતી. અચાનક થતાં હુમલા દરમિયાન લેવામાં આવતા સાવચેતીના પગલાંઓ વિશે પણ માહિતી આપવામાં આવી હતી.

સિવિલ ડિફેન્સ ડિસ્ટ્રિક્ટ્સ સંવેદનશીલતાના આધારે ત્રણ કેટેગરીમાં મોક ડ્રીલ યોજશે. જેમાં કેટેગરી-૧માં સૌથી સંવેદનશીલ અને કેટેગરી-૩માં ઓછુ સંવેદનશીલ વિસ્તાર સામેલ છે. ૫ મેના રોજ તમામ રાજયોને મોક ડ્રીલ યોજવા આદેશ કરાયો હતો. ગૃહ મંત્રાલયે આજે હાઈલેવલની મીટિંગમાં મોક ડ્રીલની તૈયારીોની સમીક્ષા કરી હતી. ગુજરાતમાં પહેલી કેટેગરીમાં સુરત, વડોદરા, કાકરાપાર, બીજી કેટેગરીમાં અમદાવાદ, ભુજ, જામનગર, ગાંધીનગર, ભાવનગર, કંડલા, નલિયા, અંકલેશ્વર, ઓખા, વાડિનાર અને ત્રીજી કેટેગરીમાં ભરૂચ, ડાંગ, કચ્છ, મહેસાણા, નર્મદા, અને નવસારી જિલ્લામાં મોક ડ્રીલ યોજાશે.દેશમાં છેલ્લા ૧૯૭૧માં સિવિલ ડિફેન્સ મોક ડ્રીલ યોજાઈ હતી. ત્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયુ હતું. દેશના જુદા-જુદા સ્થળો પર મોક ડ્રીલ સેશન શરૂ થઈ ચૂક્યા છે. રવિવારે અને સોમવાર રાત્રે પંજાબના ફિરોજપુર છાવણીમાં બ્લેકઆઉટ પ્રેક્ટિસ હાથ ધરાઈ હતી. જ્યાં રાત્રે ૯થી ૯.૩૦ વાગ્યે વીજ બંધ કરવામાં આવી હતી.

### ગુજરાતમાં EDની કાર્યવાહી

# વક્ફની જમીન પર ગેરકાયદે કબજો કરનાર જુમ્માખાન પઠાણના ઘરે દરોડા

## ઈડીએ હાલ આ મામલે આરોપી પઠાણના ઘરે દરોડા પાડી સર્ચ-ઓપરેશન હાથ ધર્યું છે

અમદાવાદ ,તા.૬

અમદાવાદમાં ગુજરાત વક્ફ બોર્ડ સંચાલિત જમાલપુર કાચની મસ્જિદ ટ્રસ્ટની જમીન મ્યુનિસિપલ કોર્પોરેશનને ભાડે આપવામાં આવી હતી. જોકે, આ જમીન પર છેલ્લાં કેટલાંક સમયથી જુમ્માખાન પઠાણ નામના શખશે તેને ગેરકાયદે પચાવી પાડી તેના પર દબાણ કર્યું હતું. જોકે, હવે આરોપી જુમ્માખાન ઈઙ (એન્ફોર્સમેન્ટ ઓફ ડિરેક્ટોરેટ) ની રડાર પર આવ્યો છે. ઈડીએ હાલ આ મામલે આરોપી પઠાણના ઘરે દરોડા પાડી સર્ચ-ઓપરેશન હાથ ધર્યું છે.

મળતી માહિતી મુજબ, મંગળવારે (૬ મે) વહેલી સવારથી અમદાવાદના જમાલપુર વિસ્તારમાં સૌદાગર બિલ્ડર્સના નામે કન્સ્ટ્રક્શનનો વ્યવસા કરનારા આરોપી સલીમ જુમ્માખાન પઠાણના અલગ-અલગ સ્થળો પર ઈડી દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે. જેમાં જમાલપુર કાચની મસ્જિદ, સના ૭ બિલ્ડિંગ, ખેડાનું ફાર્મહાઉસ સહિતનો સમાવેશ થાય છે.આરોપ લગાવવામાં આવી રહ્યોછે કે, સલીમ ખાન સહિત પાંચ લોકોએ જમાલપુર વિસ્તારમાં આવેલી કાચની મસ્જિદ અને શાહ બડા કાસમ ટ્રસ્ટમાં ટ્રસ્ટી ન હોવા છતાં ગેરકાયદે દુકાનો અને મકાનો બનાવી લાખો રૂપિયા પડાવ્યા હતાં. સલીમ અને તેના સાથીઓ આ દુકાનનું લાખો રૂપિયા ભાડું વસૂલતા હતાં. આ લોકો ટ્રસ્ટી ન હોવા છતાં ખોટી ઓળખ આપી મિલકતમાં રહેતા હતાં. આરોપીઓએ આશરે ૧૦૦ જેટલાં ઘર અને દુકાન આ રીતે ગેરકાયદે લઈને દરેક દુકાન અને ઘર દીઢ ૭-૮ હજાર રૂપિયા ભાડું વસૂલતા હતાં. નોંધનીય છે કે, આ પહેલાં જમાલપુરના કાચની મસ્જિદ પાસે રહેતા મોહમ્મદ રફીક અન્સારીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે, આ આરોપીઓ કાચની મસ્જિદ ટ્રસ્ટની મિલકતમાં રહે છે. ટ્રસ્ટના જૂના બધા ટ્રસ્ટીઓ મૃત્યુ પામ્યા ત્યારબાદથી આ લોકોએ ત્યાં કબજો કર્યો છે. જોકે, વર્ષો પહેલાં મસ્જિદને અડીને આવેલી આ જમીન ટ્રસ્ટે છસ્ઝને સોંપી દીધી હતી.





ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...

મગડી ગુંદીના લાડુ

નાયલોન તથા વાટીદાળનાં ખમણ

